ગાંધીનગર સમાચાર






## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

પ્રશ્ન ખુદને પૂછવા આઝાદ છું.
દાખલો બેસાડવા આઝાદ છું.
ચાર ભીંતો, ઉંબરાની ઓથમાં,
જાતને વિસ્તારવા આઝાદ છું.
હું ની સામે હું નો જ્યારે જંગ હોય,
હારવા કે જીતવા આઝાદ છું.
જિંદગીનું ચિત્ર ઝાંખુ થાય નહિ,
રંગ મારો પૂરવા આઝાદ છું.
ભાગ્ય બે ડગલાં ભલે આગળ રહે
હું સમય સાથે જવા આઝાદ છું.
અર્થ આઝાદીનો મેં આવો કર્યો,
મારી લીટી દોરવા આઝાદ છું.

- લક્ષ્મી ડોબરિયા

### પાથેય

## તેજસ્વીતા અને ભારતીયતાનો સંગમ

૧૫ મી ઓગસ્ટ ભારતનો સ્વાતંત્ર્ય દિવસ છે.આ દિવસ તેજસ્વી તત્વચિંતક મહર્ષિ અરવિંદનો જન્મદિવસ પણ છે.આવો સંયોગ દુર્લભ ગણાય.એમને દ્રઢ શ્રદ્ધા હતી કે પોતાની માતૃભૂમિ એમના જન્મદિવસે જ અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત થશે. અને બન્યું પણ એવું જ. શ્રી અરવિંદના આ શબ્દો એની ગવાહી પૂરે છે "ભારતના ભાવિનો સૂર્ય ઊગી નીકળશે અને આખા ભારતને તેમજ એશિયાને તેના પ્રકાશથી ભરી દેશે.આખા જગત ઉપર છવાઈ જશે. હર એક પળ હરેક ક્ષણ પ્રભુ એ નિર્ધારિત દિવસના પ્રકાશને વધુને વધુ નજીક લાવી રહ્યા છે." એમનો આ આશાવાદ ચરિતાર્થ થયો એ જ એમના જીવનની સાર્થકતા હતી.

તેજસ્વી યુવાન તરીકે લંડનમાં ઉચ્ચ કેળવણી પામેલા અરવિંદ ઘોષનો જન્મ ૧૫ મી ઓગસ્ટ ૧૯૭૨માં કલકત્તા ખાતે થયેલો.પિતા ખૂબ જો મોટા જાગીરદાર હતા અરવિંદ નો કુટુંબ માતૃ પક્ષી અને પિતૃ પક્ષે એ સમયના બંગાળી બંગાળમાં ખૂબ જ પ્રતિષ્ઠિત ગણાતો તેઓ પાંચ વર્ષની ઉંમરે ભણવા ગયેલા અને ics જેવી ઉચ્ચ વહીવટી સેવાની તાલીમ લઈ ફક્ત ૨૦ વર્ષની ઉંમરે ભારત ભારત આવેલા એ પણ જોગામ જોગ હતો મહારાજા સયાજીરાવ સાથેની એમની બ્રિટનમાં મુલાકાત એમને વડોદરા રાજ્યના ઉચ્ચ અધિકારી તરીકે લઈ આવવાનું નિમિત્ત બનેલી. વડોદરા રાજ્યમાં ઉચ્ચકક્ષાના વહીવટી પદો ઉપરાંત તેઓએ શિક્ષણમાં પણ અધ્યાપન વગેરે કામ કરેલા એ સમય દરમિયાન તેઓ દેશભક્તિના રંગે રંગાઈ ગયેલા અને એ પછી ભારતના સ્વતંત્ર સંગ્રામમાં ખૂબ જ સક્રિય ભૂમિકા નિભાવેલી ત્યાં સુધી કે તેઓ ક્રાંતિકારીની હરોળમાં પણ મુકાયેલા વિદેશમાં ઉચ્ચ શિક્ષણ પામેલા મહર્ષિ અરવિંદ ભારતીયતાના ગાઢ રંગે રંગાઈને દેશ સેવા માટે સમર્પિત થયા એ એક અદભુત ઘટના છે.

ક્રાંતિકારી તરીકે અંગ્રેજોની નજરમાં આવી ગયેલા મહર્ષિ અરવિંદ ક્રમશ: પછી અધ્યાત્મ તરફ વળી ગયેલા.જીવનનો સાચો અર્થ પામી ગયેલા.એમની અતિમનસ થિયરી માણસને ભીતરની યાત્રા તરફ લઈ જાય છે.જગતને સર્વાંગી રીતે જોવાની દ્રષ્ટિ પુરી પાડે છે.તેઓએ યોગમાં પણ નિપુણતા મેળવી લીધેલી.

એક ઉચ્ચ કક્ષાના સાધક હોવાની સાથે તેઓ મહાન યોગી તરીકે પણ જાણીતા થતા ગયા.એમના જીવનના ઉત્તરાર્ધમાં મોટાભાગનો સમય પોંડીચેરી ખાતે વ્યતીત થયેલો.જ્યાં એમણે ઉચ્ચ આધ્યાત્મિક અનુભવો થકી પોતાની જાતને તેજોમય પ્રતિભામાં પરિવર્તિત કરી હતી.એમનું નામ બે વખત નોબલ પ્રાઈઝ માટે પણ નામાંકિત થયેલું.મહર્ષિ અરવિંદ તેમનાં લખાણો અને 'સાવિત્રી" જેવા મહાકાવ્ય થકી? શબ્દસાધક તરીકે પણ જાણીતા છે.

એમના ચિંતનની એક નાનકડી ઝલક "યોગમાત્રનો એકમાત્ર અને સારરૂપ ઉદેશ્ય તો એ જ હોય છે કે આપણે આપણી જાતની અને બીજા સર્વ કોઈની પણ, પરમ દિવ્ય સત્યતા સાથે જોડાઈ જવું. એક વસ્તુ ખ્યાલમાં રાખવાનું ખૂબ જરૂરી છે કે આપણે કદી ભૂલવાનું નથી કે આપણે યોગ કરવાનો છે તે અતિમનસની પોતાની સિદ્ધિને ખાતર નહીં પણ ભગવાનને ખાતર; આપણે અતિમનસ મેળવવા માંગીએ છીએ તે

અનુસંધાન પાના નં. ૭ પર

'મેરી મિટ્ટી, મેરા દેશ' સ્વાતંત્ર્ય વીરોને આદરપૂર્વક વંદન

# ભગતસિંહે જેલમાં લખેલી ૪૦૪ પાનાની ડાયરીના પ્રત્યેક પાનામાં ધરબાયેલી પડી છે ઘણી અનટોલ્ડ સ્ટોરીઝ

ઓગસ્ટ મહિનામાં દેશભક્તિ અને રાષ્ટ્રભાવનાની મઘમઘતી સુગંધ હવામાં મહેસૂસ થાય છે. હિન્દુસ્તાનની આઝાદી માટે અનેક નામી અનામી ક્રાંતિવીરોએ બ્રિટિશ સલ્તનત સામે હોંશ અને જોશપૂર્વક લડીને દેશને મહામૂલી આઝાદી અપાવી. દેશના સર્વાધિક લોકપ્રિય પ્રધાનમંત્રી અને ગુજરાતના પનોતાપુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આઝાદીના અમૃતપર્વના સમાપન ઉત્સવમાં 'મેરી મીટ્ટી, મેરા દેશ' કાર્યક્રમ દ્વારા દેશના સ્વાતંત્ર્યવીરોને


The Tribune.
VOL LI. NO. 70 LAHORE, WEDNESDAY, MARCH 25, 1931. Price One Anna
BHAGAT SINGH, RAJGURU AND SUKHDEV EXECUTED.
NO "LAST INTERVIEW" WITH RELATIONS.
Shouts Emerge From Jail.
DEAD BODIES SECRETLY DISPOSED OF
Removed to Distant Place.






અને માતૃભૂમિને આદરપૂર્વક વંદન માટે દેશવાસીઓને અનોખા અંદાજમાં એક અદભુત અવસર આપ્યો છે. ભારતની આઝાદીની ચળવળમાં અનેક લોકોએ ભાગ લીધો છે અને ઘણાં વીરોએ બલિદાનો આપ્યા છે. જ્યારે પણ ભારતની આઝાદીની ચળવળ અને ક્રાંતિવીરોના બલિદાનોની વાત આવે ત્યારે શહીદ-એ-આઝમ સરદાર ભગતસિંહનું નામ સૌથી પહેલું માનસપટ ઉપર તરવરે.

ભગતસિંહના બહાદુરીભર્યા ક્રાંતિકારી પગલાના કિસ્સાઓ ભારતના અબાલ વૃધ્ધ સૌ કોઈની જીભ ઉપર છે. આજના આ રાષ્ટ્રીય પર્વે ભગતસિંહની જાણી અજાણી વાતો યાદ કરીની દેશની માટીને માથે ચડાવીએ. ભગતસિંહનું નામ કેવી રીતે પડ્યું એ વાત રસપ્રદ છે. ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૦૭ના રોજ પશ્ચિમી પંજાબના લાયલપુર ગામમાં આર્યસમાજી પરિવારમાં એક દીકરાનો જન્મ થયો. આ દીકરાના પિતા ક્રાંતિવીર સરદાર કિસનસિંહ અને કાકા ક્રાંતિવીર સરદાર અજિતસિંહ આ બાળકના જન્મના દિવસે જ જેલમાંથી છૂટ્યા હતા. પરિવારમાં આવેલા નવા ફરજંદના પગલાને પુણ્યશાળી ગણાવીને એ વખતે દાદી જય કોરના મુખમાંથી શબ્દો સરી પડ્યા હતાં કે, 'એ મુંડા બડા ભાગાંવાલાં એ...' અર્થાત 'આ છોકરો તો બહુ ભાગ્યશાળી છે.' દાદીના આ શબ્દો ઉપરથી પરિવારજનોએ નક્કી કર્યું કે, 'ભાગાંવાલા' શબ્દને મળતું જ નામ પાડવું. અને પછી એ છોકરાનું નામ પડ્યું સરદાર ભગતસિંહ. પરિવાર આર્યસમાજી હતો એટલે ભગતસિંહના નામકરણ સંસ્કાર વિધિમાં સરસ મઝાનો યજ્ઞ યોજવામાં આવ્યો. એ સમયે ભગતસિંહના દાદા સરદાર અર્જુનસિંહે સંકલ્પ જાહેર કર્યો કે, એમના પૌત્ર સરદાર ભગતસિંહને દેશ માટે તેઓ સમર્પિત કરી દેશે.

બાળક ભગત એકવાર રમતો હતો ત્યારે એના ક્રાંતિવીર કાકા અજિતસિંહે ભગતસિંહને કહ્યું હતું કે, 'હવે લોકો તને મારા ભત્રિજા તરીકે ઓળખશે.' ત્યારે બાળ ભગતે ખુમારીથી કાકાને જવાબ આપ્યો હતો કે, 'ચાચાજી, મેં કુછ ઐસા કામ કરુંગા કી, સબ લોગ આપ કો ભગતસિંહ કે ચાચા કે રૂપ મેં જાનેંગે.' દયાનંદ એંગ્લો વૈદિક હાઈકૂલમાં શાળાકીય શિક્ષણ લઈને સમાજવાદ અને આઝાદીની ક્રાંતિકારી પ્રેરણાના રંગોથી રંગાયેલા ભગતસિંહે યુવાનીના ઊંબરે પગ મૂક્યો. એસેમ્બલીમાં બોમ્બ ફેંકવાના અને સેન્ડર્સની હત્યાના કેસમાં ભગતસિંહ ૭૧૬ દિવસ જેલમાં રહ્યાં. ૭ ઓકટોબર ૧૯૩૦ના રોજ બ્રિટીશ જજે ભગતસંહને ફંસીની સજા ફરમાવવાનો હુકમ કર્યો. ૨૪ માર્ચ ૧૯૩૧ના રોજ ભગતસિંહને ફાંસી આપવાનો અર્ડર હતો પરંતુ એના ૧૧ કલાક પહેલાં એમને ૨૩ માર્ચ, ૧૯૩૧ની સાંજે ૭-૩૦ વાગે ફાંસીના માચડે ચડાવી દેવાયા. આ ક્રાંતિવીરની ખુમારી તો જુઓ, એમણે બ્રિટિશ હુકુમતને કહ્યું હતું કે, 'મને કોઈ ગુનેગારની જેમ ફાંસી આપવાના બદલે એક ક્રાંતિકારીને છાજે એવી રીતે ગોળી મારીને મોત આપવું.' જો કે, બ્રિટીશ સરકારે ભગતસિંહની આ વાત માન્ય રાખી નહતી.

ભગતસિંહ જેલમાં ડાયરી લખતાં. એમની ૪૦૪ પાનાની ડાયરીમાં ભગતસિંહની ઘણી બધી અનટોલ્ડ સ્ટોરીઝ ધરબાયેલી પડી છે. એક ક્રાંતીવીર ઉપરાંત ભગતસિંહ ઊંચા દરજ્જાના વાંચક એટલે કે વોરેસિયસ રીડર હતા. ખૂબ સારા લેખક હતાં. દાર્શનિક અને ચિંતક પણ હતા. માત્ર ૨૩ વર્ષની ઉંમરે ફાંસીના માચડે હસતાં હસતાં ચડી જનારા ભગતસિંહે ફ્રાંસ, આયર્લેન્ડ અને રશિયન ક્રાંતિનો વિશદ અભ્યાસ કર્યો હતો. ભાષા ઉપર એમના પ્રભુત્ત્વની વાત કરીએ તો, હિન્દી, અંગ્રેજી, ઊર્દુ, સંસ્કૃત, પંજાબી, બાંગ્લા અને આઈરીશ ભાષાની એમને સરસ જાણકારી હતી. સમાજવાદ ઉપર સૌથી પહેલું વક્તવ્ય આપનાર જો કોઈ હોય તો એ ભગતસિંહ હતા. 'અકાલી' અને 'કિર્તી' બે અખબારોનું ભગતસિંહે સંપાદન પણ કર્યું હતું.




જેલમાં એમણે લખેલા લેખો અને પરિવારજનોને એમણે લખેલા પત્રોમાં ભગતસિંહના દાર્શનિક અને ક્રાંતિકારી વિચારોનો પડઘો પડતો જોવા મળે છે. એમના લેખોમાં પૂંજીપતીઓ સામેનો આક્રોશ અને મજદૂરોના હક માટે જાગૃતિ સ્પષ્ટપણે દેખાતી. ઈતિહાસકારો નોંધે છે કે, ભગતસિંહ નાસ્તિક હતાં. જો કે, ભગતસિંહે એમના જેલવાસ દરમિયાન 'હું નાસ્તિક છું' વિષય ઉપર એક લેખ પણ લખ્યો હતો. પરંતુ, સરદાર યાદબિંદરસિંહના મંતવ્ય મુજબ ભગતસિંહ નાસ્તિક તો ન જ હતા. આ આખો વિષય ડિબેટેબલ છે. યાદબિંદરસિંહ કહે છે કે, જ્યારે ભગતસિંહને ફાંસી આપવા લઈ જવાતા હતા ત્યારે લાહોર સેન્ટ્રલ જેલના વોર્ડન સરદાર ચતરંનસિંહે તેમને અંતીમ સમયે ભગવાનને યાદ કરવા જ્યારે કહ્યું ત્યારે, ભગતસિંહે એમને જવાબ આપ્યો હતો કે, 'આખી જિંદગી દુ:ખીયારા અને ગરીબોના કષ્ટને જોઈને ભગવાનને જવાબદાર ગણતો રહ્યો, અને હવે જો ભગવાનને યાદ કરીશ તો મને બુઝદીલ સમજીને ડરી ગયો છે એમ કહેશે.'

ભગતસિંહની ૪૦૪ પાનાની ડાયરીના ૧૨૪ નંબરના પાના ઉપર એમણે લખ્યું છે કે, 'ઈસ મિજાજ કા પરવદીગાર દે, જો ગમ કી ઘડી કો ભી ખુશી સે ગુલજાર કર દે...' આ જ પાના ઉપર બીજી એક કડી એમણે એવી લખી છે કે, 'છેડ ના ફરિશ્તે તું ઝીક્ર—એ—ગમ, ક્યોં યાદ દીલાતે હો ભુલા અફસાના...' ભગતસિંહની આ ડાયરીની મૂળ હસ્તપ્રત અને માઈક્રો ફિલ્મ દિલ્હીના રાષ્ટ્રિય સંગ્રહાલયમાં છે.

શહીદ-એ-આઝમ ભગતસિંહને ફિલ્મો જોવાનો જબરો શોખ હતો. જ્યારે પણ મોકો મળે ત્યારે ક્રાંતિકારી મિત્ર રાજગુરુ અને યશપાલ સાથે ફિલ્મો જોવા ભગતસિંહ જતાં. એમને ચાર્લી ચેપલીનની ફિલ્મો બહુ ગમતી. જો કે, ચંદ્રશેખર આઝાદને ભગતસિંહની આ આદત કઠતી. એમને આ લોકો ફિલ્મો જોવા જતાં એ બાબતે બહુ ગુસ્સો આવતો. ભગતસિંહને ફિલ્મો ઉપરાંત રસગુલ્લા ખાવાનો પણ અનહદ આનંદ આવતો.

અનુસંધાન પાના નં. ૭ પર

# વારંવાર છાતી ચીરીને પ્રેમ બતાવતા રહેવાથી ક્યારેક હૃદય ચિરાય જતું હોય છે

જિસકે પીછે પાગલ હોકર
મૈં દૌડા અપને જીવનભર,
જબ મૃગજલ મેં પરિવર્તિત હો,
મુઝ પર મેરા અરમાન હસા !!
તબ રોક ન પાયા મૈં આંસૂ!
જિસમેં અપને પ્રાણોં કો ભરકર
દેના ચાહા અજર-અમર
જબ વિસ્મૃતિ કે પીછે છિપકર,
મુઝ પર વહ મેરા ગાન હંસા!!
મેરે પૂજન આરાધન કો, મેરે સંપૂર્ણ સમર્પણ કો,
જબ મેરી કમજોરી કહકર, મુઝપર મેરા પાષાણ હંસા!
તબ રોક ન પાયા મૈં આંસૂ!

- હરિવંશરાય બચ્ચન

જીવનમાં કર્તવ્ય નિભાવતાં-નિભાવતાં, જવાબદારી અદા કરતાં કરતાં ક્યારેક એવો વિચાર આવે કે શું આપણા આ કાર્ય આપણાં સ્નેહીજનો માટે, તેમના સંતોષ માટે પર્યાપ્ત રહેશે કે કેમ!! જ્યારે આપણે એમ સમજતા હોઈએ કે લોહીનું પાણી કરીને પણ આપણી વ્યક્તિ માટે આપણે જે જવાબદારી અદા કરવાનું કાર્ય કર્યું છે, તે ખરેખર પ્રામાણિકતાથી, ઈમાનદારીપૂર્વક પાર પાડ્યું છે. જીવનના રંગમંચમાં સૂત્રધારનું કપરું કામ આપણા ભાગે આવ્યું છે, તે નિભાવવાનો પ્રયાસ આપણે બખૂબી કરતા હોઈએ છીએ. પરંતુ તખ્તા પરના બીજા પાત્રોને જ્યારે આ પ્રયાસમાં કંઈક ઊણપ વર્તાતી લાગે ત્યારે... સૂત્રધાર નોધારો થઈને ભાંગી પડે છે.

શ્રી વજુ કોટક કહે છે તે પ્રમાણે : ધન અને સ્નેહની બાબતમાં તદ્દન ઊલટી સ્થિતિ છે. ધનની બાબતમાં દેણદાર કરતાં લેણદારનું સ્થાન ઊંચું હશે પણ પ્રેમની બાબતમાં તો લેનારા કરતા આપનારો જ ઊંચો છે.

કોઈપણ માણસની જિંદગી ખરેખર તો એકલતાની યાત્રા છે. સંબંધ લોહીનો હોય કે લાગણીનો પરંતુ જ્યારે ધાર્યો પ્રતિસાદ ન સાંપડે ત્યારે દિલમાંથી ન સમજાય તેવી ટીસ ઊઠે છે. વાસ્તવમાં પ્રત્યેક વ્યક્તિ પોતાની જવાબદારી પ્રામાણિકતાથી નિભાવતી જ હોય છે. પરંતુ અપેક્ષાઓ અથવા કહો કે ખોટી અપેક્ષાઓ જ તેને અધમૂઓ બનાવી દે છે.

"કોઈનો પ્રેમ કદી ઓછો હોતો નથી આપણી અપેક્ષાઓ જ વધારે હોય છે." શ્રી હરીન્દ્ર દવે આ પંક્તિઓ કહી ગયા તે શું આપણે જ આત્મસાત કરવી આવશ્યક છે ?

આ સંસારમાં માણસ કદાચ માણસ-માણસ વચ્ચેના લાગણીના તમામ વ્યવહારોમાં કોઈ ન્યાય માંગતું નથી. પ્રેમ જ માગે છે. ઘર એ કોઈ કોર્ટરુમ નથી જ્યાં સાબિતી અને પુરાવા રજૂ કરીને સ્નેહનો ન્યાય માંગતા ફરીએ. ઘર તો એક મંદિર છે એમાં અપેક્ષા પ્રેમની જ રાખવામાં આવે. ન્યાયની નહિ.

શા માટે પિતા અને પુત્ર વચ્ચે એક અદ્દશ્ય રેખા હોય છે ? મધ્યમવર્ગીય પિતા "એક સાંધે ત્યાં તેર તૂટ" જેવી પરિસ્થિતિમાં પણ સંતાનની દરેક ઇચ્છા પૂરી કરતા હોવા છતાં માત્ર બીજાનું જોઈને પોતાને મોંઘી બાઇક ન મળતા પિતા વિરુદ્ધ અદ્દશ્ય અને પરોક્ષરૂપે મોરચો માંડે છે. એવી નજરોથી પિતા સામે જુએ છે અને પિતા સળગી ઊઠે છે. વિચાર કરે છે કે - ક્યા કામ પડ ગયા...

તેવી જ રીતે દીકરો કે દીકરી જ્યારે મોટા થઈને ખૂબ જ ઇમાનદારીપૂર્વક જવાબદારી વહન કરવાના માર્ગે ચાલતા હોય અને માર્ગમાં જો કોઈ નાની અમથી ભૂલ અથવા તો કહીએ કે ગેરસમજોનો સરવાળો થાય કે મુશ્કેલી આવે તે વખતે મોટેરાઓ જે મૌન સત્યાગ્રહરુપી અત્યાચાર કરતા હોય છે તેને હિંસામાં જ ખપાવવો જોઈએ. જનરેશન ગેપના રૂપકડાં નામ હેઠળ ઘણી બધી વાતને લાવી દઈને ચૂપચાપ મનમાં શેરડા પાડતાં વડીલોને રાતોરાત એવું શાને લાગતું હશે કે - કોઈ કોઈનું નથી રે !!!

એવું કહે છે કે સુખને મૂલવવું હોય તો ભૂતકાળની વેદના સામે રાખીને વર્તમાનની ક્ષણો સાથે મૂલવવું જોઈએ. પરંતુ થાય છે તેનાથી ઊલટું ભૂતકાળના દુ:ખ વર્તમાનમાં સુખ લાગવા માંડે છે. સરખામણી કરતાં કરતાં વર્તમાનમાં ફક્ત કાંટા જ વાગે ત્યારે સમજવું કે આપણે હાથે કરીને કાંટાળો માર્ગ પસંદ કરીને હેરાન થવું છે.




પતિ-પત્ની વચ્ચેના સંબંધમાં પણ આવી નોબત આવે ત્યારે છેવટે એક મહાન શૂન્ય પેદા થાય છે. કદાચ આપણું હદથી વધારે પ્રત્યર્પણ દોહ્યલું થઈ પડતું હશે. સંબંધોની ક્યારીમાં જ્યારે અવિશ્વાસના નિંદામણ વધવા માંડે પછી પ્રેમરૂપી પાકને નુકસાન થતું હોય છે. આ બધું પરસ્પર છે. સામસામે એકબીજાને જ્યારે એમ લાગે કે કર્યાની કોઈ કિંમત નથી ત્યારે હંમેશા નવી સમસ્યાઓ જ જન્મ લેતી હોય છે.

તો શું જે કાંઈ પણ આ જ આપણે સ્નેહીઓ માટે આત્મીય માટે કરીએ છીએ તે પૂરતું નથી હોતું ? લોહીનું પાણી કરીને જીવે રાખવાની કોઈ આપણને ફરજ તો નથી પાડતું ને ! એ તો આપણી પસંદગી છે. વાસ્તવમાં જે કંઈ પણ કરી છૂટીએ છીએ તે આખરે પોતાની માટે જ હોય છે. આપણે કોઈ પર ઉપકાર નથી કરતા માણસના દુ:ખને ઓગાળી નાખનારું રસાયણ છે પ્રેમ અને ઈશ્વરે આ શક્તિ માણસને જ આપી છે. જ્યારે સઘળું દઈ દીધા પછી પણ સામે તૃપ્તિનો અહેસાસ ન થાય ત્યારે ફાટી પડવા જેવી સ્થિતિ પેદા થઈ જાય છે.

અને આ વ્યથા માત્ર પરિવાર કે સ્નેહીઓ પૂરતી સિમિત નથી. કોઈ જાહેર-સંસ્થામાં કે કાર્યસ્થળ પર પારાવાર ઇમાનદારીપૂર્વક કાર્ય કરતા રહેવા છતાં જ્યારે આપણી કાર્યશૈલી કે મનશા પર શંકા કરવામાં આવે અથવા જોઈએ તેટલી કદર કરવામાં ન આવે ત્યારે અસહ્ય સ્થિતિ નિર્માણ થાય છે. જ્યારે વારંવાર છાતી ચીરીને પ્રેમ દર્શાવતો રહેવો પડે ત્યારે હૃદય ચીરાતું હોય છે. ક્યારે ? કોને ? કેમ ? માઠું લાગી જાય છે તેની ક્યા ખબર પડે છે !!! જાત ઘસીને અને વ્યક્તિત્વ ઓગાળી દઈને આપણે તન,મન,ધનપૂર્વક આપણી શક્તિઓને અતિક્રમીને કોઈ સંસ્થા માટે કે કોઈ પ્રિયજનો માટે તૂટી મરતા હોઈએ ત્યારે સામેથી આપણે એવી જ અપેક્ષા રાખીએ કે આપણા ઉષ્માભર્યા સાદનો પ્રતિસાદ ઉષ્માભર્યો સાંપડે. અને જ્યારે ઉષ્માભર્યા ભાવની બદલે શુષ્ક અને મોળો પ્રતિસાદ સાંપડે ત્યારે એક સંવેદનશીલ અને ઋજુ વ્યક્તિ માટે ફાટી પડવા જેવી સ્થિતિ સર્જાય જાય છે.

- jayuoza@gmail.com,
Mo.9898046488

# કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં યોજાયેલી માનસ વિશ્વ વિદ્યાલય કથા દ્વારા ઘરે બેસીને કથા શ્રવણ કરનારા કે રૂબરૂ સ્થળ પર શ્રવણ કરનારના હૃદયમાં રામાયણની ચોપાઈઓના અર્થના-દીવડા ઝળહળશે અને સત્ય-પ્રેમ-કરૂણાનો પ્રકાશ રેલાશે

'હું શિક્ષક હતો એમ નહીં કહું, આજે પણ શિક્ષક છું, શિક્ષક ક્યારેય ટાયર્ડ કે રિટાયર્ડ થતો નથી.'

રામકથામાં આવું ઘણીવાર કહેનાર પૂજ્ય મોરારિ બાપુ બ્રિટનની કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં ગોસ્વામી તુલસીદાસજીના શ્રી રામચરિત માનસનું ગાન કરી રહ્યા છે.

'શિક્ષકને ઋષિપદ મળ્યું છે, જે રિસર્ચ કરે, રિસિવ કરે એ ઋષિ.'

આ વિધાન આપનાર મોરારિ બાપુએ કેમ્બ્રિજની કથા જેનું નામાભિધાન 'માનસ વિશ્વવિદ્યાલય' કરાયું છે એના પ્રારંભે જણાવ્યું હતું કે 'રામાયણ એક યુનિવર્સિટી હતી, જે સાત પર્વ વિવિધ ભાગોના સ્વરુપમાં કાર્ય કરતા હતા, તેમનું નેતૃત્વ કુલપતિઓ દ્વારા કરવામાં આવતું હતું. ઋષિ વસિષ્ઠ, ઋષિ વિશ્વામિત્ર, મહર્ષિ ગૌતમ, ઋષિ વાલ્મિકી, ઋષિ અગસ્ત્ય, ઋષિ યાજ્ઞવલ્કય, કાકભુષુંડી, કૈલાસ પર્વત, પ્રયાગરાજ, નીલગીરી પર્વત અને ગોસ્વામી તુલસીદાસ અગિયાર કુલપતિ હતા. હું એ વિશ્વ વિદ્યાલયનો વિદ્યાર્થી છું જેના કુલપતિ ગૌસ્વામી તુલસીદાસ છે.'

કેમ્બ્રિજ પરિસરમાં યોજાયેલી મોરારિ બાપુની આ ૯૨૧મી કથા આરંભે ૪૧મા માસ્ટર સોનીતા એલેનું ('મ્ઝ) તથા હાઉસ ઓફ લોર્ડસના કન્ઝર્વેટીવ સભ્ય લોર્ડ ડોલર પોપટે ઉષ્માપૂર્ણ સ્વાગત કર્યું હતું. લોર્ડ પોપટે મહામહિમ કિંગ ચાર્લ્સ તૃતીયના શુભેચ્છા સંદેશનું વાંચન કર્યું હતું.



બ્રિટનના યુવાનો દ્વારા, જેઓ રામકથા પ્રેમી છે આ આયોજન નિમિત્તમાત્ર યજમાન રુપે કરાયું છે.

વિશ્વની સૌથી જુની અને પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓમાં સ્થાન ધરાવતી બ્રિટનની કેમ્બ્રિજ યુનિવર્સિટીના પ્રાંગણમાં જીસસ કોલેજના મેદાનમાં યોજાયેલી નવ દિવસીય પૂજ્ય મોરારિ બાપુની રામકથા ઐતિહાસિક બની રહેશે. પરિસરમાં આજ સુધીમાં પહેલીવાર હિંદુ આધ્યાત્મિક કાર્યક્રમનું આયોજન કરાયું છે. ભારત અને બ્રિટનના સાંસ્કૃતિક સંબંધોમાં એક નૂતન પરિમાણ આ કથાથી ઉમેરાયું છે.




આ એ યુનિવર્સિટીનું પરિસર છે જ્યાં શિક્ષણના વિભિન્ન વિષયોના ધબકાર ઝીલાય છે, જ્યાં શોધ-સંશોધનોના સામર્થ્ય સુધી પહોંચવાના સપના સાકાર થાય છે. જ્યાં ભારતના વિધવિધ ક્ષેત્રના અનેક મહાનુભાવોએ પણ અભ્યાસ કર્યો છે...

બ્રિટનમાં પૂજ્ય મોરારિ બાપુની કથા ૧૯૭૯થી યોજાતી રહી છે. અને મહાકાવ્ય રામાયણના અર્થને અને અર્કને તેઓ શ્રોતાઓ સુધી પહોંચાડી રહ્યા છે. બ્રિટનના પરિવારો પૈકી એવા કેટલાય પરિવારો છે જેમની ત્રીજી પેઢી કથા શ્રવણમાં જોડાઈ રહી છે. જેઓએ બાળપણમાં કે યુવા અવસ્થામાં કથા શ્રવણ કર્યું છે. તેવા અનેક કથાના 'ફ્લાવર્સ' હવે કથાના આયોજનોમાં અને આનુષાંગિક સેવાઓમાં જોડાઈ રહ્યા છે.

૨૦૦૩ના વર્ષથી મારે પણ અવારનવાર બ્રિટન જવાનું થાય છે, હું સદભાગી રહ્યો કે ૨૦૦૬થી જલારામ મંદિર લેસ્ટર આયોજિત અને ૨૦૦૯ની લંડનની વજુભાઈ પાણખાણીયાના નિમિતમાત્ર યજમાનની કથાઓના શ્રવણનો મને લાભ મળ્યો છે.

પૂજ્ય મોરારિ બાપુએ એમની શબ્દ પ્રીતિની અનુભૂતિ હંમેશા કરાવી છે. ગુજરાતી- હિન્દી તથા અન્ય ભાષાના સર્જકોને અને તેમના સર્જનને વધાવ્યા છે ત્યારે કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં યોજાયેલી માનસ વિશ્વ વિદ્યાલય કથા દ્વારા ઘરે બેસીને કથા શ્રવણ કરનારા કે રૂબરૂ સ્થળ પર શ્રવણ કરનારના હૃદયમાં રામાયણની ચોપાઈઓના અર્થના - દીવડા ઝળહળશે અને સત્ય - પ્રેમ - કરૂણાનો પ્રકાશ રેલાશે.